કીમ PI પી.સી.સરવૈયા સસ્પેન્ડ

SMCએ દારૂ સાથે રૂ.55 લાખનો મુદ્દામાલ કબજે કર્યા બાદ રાજ્યના પોલીસ વડાની કાર્યવાહી

કિરણ ઢોડિયા

કીમ: કીમ પોલીસ મથકની હદમાં સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા 22 જૂનના રોજ કરવામાં આવેલી દારૂની રેડ બાદ કીમ પોલીસ મથકના PI પી.સી.સરવૈયાને ફરજમાં બેદરકારી બદલ સસ્પેન્ડ કરાયાનું સામે આવ્યું છે. રાજ્યના પોલીસ વડા જી.એસ. મલિકના આ કડક નિર્ણયથી સુરત જિલ્લા પોલીસ તંત્રમાં ખળભળાટ મચી ગયો છે.

22 જૂનના રોજ SMCએ બાતમીના આધારે કીમ પોલીસ મથકની હદમાં દરોડો પાડ્યો હતો. કાર્યવાહી દરમિયાન રૂ.19 લાખથી વધુની કિંમતનો વિદેશી દારૂ તેમજ વાહનો અને અન્ય સામાન મળી કુલ રૂ.55 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પોલીસે ત્રણ આરોપીને ઝડપી પાડ્યા હતા, જ્યારે મુખ્ય બુટલેગર સહિત અન્ય આરોપીઓ ફરાર થઈ ગયા હતા. સ્થાનિક પોલીસ મથકની હદમાં લાખો રૂપિયાનો દારૂનો જથ્થો અને બુટલેગરોનું નેટવર્ક સક્રિય હોવા છતાં તેની જાણ સ્થાનિક પોલીસને કેમ ન થઈ, તે મુદ્દે સવાલો ઊભા થયા હતા. ગેરકાયદે પ્રવૃત્તિઓ પર નિયંત્રણ, અસરકારક પેટ્રોલિંગ અને ગુનાખોરી અટકાવવાની કામગીરીમાં બેદરકારી અંગે ઉચ્ચ અધિકારીઓ દ્વારા અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. આ અહેવાલના આધારે રાજ્યના પોલીસ વડા જી.એસ. મલિકે કીમ PI પી.સી. સરવૈયા સામે શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરી તેમને સસ્પેન્ડ કરવાનો આદેશ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ કાર્યવાહીથી પ્રોહિબિશનની અમલવારીમાં સ્થાનિક પોલીસની જવાબદારી અંગે પણ ચર્ચા તેજ બની છે.

ફરાર બુટલેગરો હજુ પોલીસ પકડથી દૂર

આ કેસમાં કીમ, નવાપુરા, દમણ સહિતના વિસ્તારો સાથે સંકળાયેલા આશરે 13 આરોપીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. સુરત અને આસપાસના વિસ્તારોમાં ગાજેલા ચર્ચાસ્પદ કેસમાં પોલીસ દ્વારા કીમ, નવાપુરા અને દમણ સહિતના વિવિધ વિસ્તારો સાથે સંકળાયેલા આશરે 13 આરોપીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. પોલીસની ટીમ દ્વારા આ તમામ આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ વિસ્તારોમાં ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં છે. મળતી માહિતી મુજબ પોલીસે વોન્ટેડ આરોપીઓ પૈકી સ્યાદલા ગામના એક આરોપીની ધરપકડ કરી લીધી છે. જોકે, આ કેસમાં કીમના મુખ્ય આરોપી ઇમરાન મરઘી તેમજ નવાપુરાના બાપ-દીકરાની જોડી સહિત અન્ય 12 આરોપી હજુ પણ પોલીસ પકડથી દૂર ભાગતા ફરી રહ્યા છે.

વ્યારા નગરમાં 1 હજાર ફૂટ લાંબા રાષ્ટ્રધ્વજ સાથે તિરંગાયાત્રા નીકળી

વ્યારા: રાજ્યના આદિજાતિ વિકાસ અને તાપી જિલ્લાનાં પ્રભારી મંત્રી નરેશ પટેલ તેમજ રમતગમત મંત્રી ડો.જયરામ ગામીતની હાજરીમાં ગુરુવારે વ્યારા ખાતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તિરંગાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તિરંગા યાત્રામાં સ્થાનિકો સહિત જિલ્લા વહીવટીતંત્ર કર્મચારીઓ અને શાળા કોલેજનાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ તિરંગાયાત્રા વ્યારામાં સ્વામી વિવેકાનંદ રિવરફ્રન્ટ બસ સ્ટેન્ડ ઉનાઈ નાકાથી નીકળી જૂના બસ સ્ટેશન અને શયાજી મેદાન થઈ રિવર ફ્રન્ટ બસ સ્ટેન્ડ ઉનાઈ નાકા પર પૂર્ણ થઈ હતી. ભવ્ય તિરંગાયાત્રામાં આકર્ષણનું મુખ્ય કેન્દ્ર ૧૦૦૦ ફૂટ લાંબો વિશાળ રાષ્ટ્રધ્વજ રહ્યો હતો. આ વિરાટ તિરંગાને હાથમાં પકડીને ઉત્સાહભેર આગળ વધતા નાગરિકોના દૃશ્યે સમગ્ર વાતાવરણને અદભૂત દેશભક્તિના રંગે રંગી દીધું હતું.

સંક્ષિપ્ત સમાચાર

હથોડા, તરસાડી, કોસંબા, પાલોદ, પીપોદરા પંથકમાં તિરંગા યાત્રા નીકળી

ઈબ્રાહીમ કાનુ

હથોડા: હથોડા, કોસંબા, તરસાડી, પાલોદ, પીપોદરા, મોટા બોરસરા, મોટી નરોલી, વેલાછા, કઠવાડા, લિંબાડામાં ભારે ઉત્સાહભેર તિરંગા યાત્રા નીકળી હતી. હથોડામાં ગ્રામ પંચાયતના તલાટી અને હુસેન આરીફની આગેવાની હેઠળ યોજાયેલી આ યાત્રામાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને યુવાનો જોડાયા હતા. જ્યારે તરસાડી ખાતે યોજાયેલી તિરંગા યાત્રામાં ધારાસભ્ય ગણપત વસાવા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ઓલપાડમાં 'હર ઘર તિરંગા' રેલી

સાયણ: ઓલપાડ ટાઉનમાં દેશની આઝાદીના ૮૦મા રાષ્ટ્રીય પર્વની ઉજવણી પૂર્વે જન ભાગીદારીથી 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત યોજાયેલ તિરંગા યાત્રા યોજાઈ હતી. આ યાત્રામાં ભાજપના અનેક અગ્રણીઓ સહિત દેશપ્રેમી નાગરિકો અને શાળાના બાળકો જોડાતા સમગ્ર ઓલપાડ તાલુકો દેશભક્તિના રંગે રંગાયો હતો. ઓલપાડ ટાઉનની મહાદેવ શાસ્ત્રી વિદ્યાલયના કેમ્પસથી નીકળેલી આ રેલીનું પ્રસ્થાન ધારાસભ્ય મુકેશ પટેલ સહિતના અગ્રણીઓએ લીલી ઝંડી આપી કરાવ્યું હતું.

અમલસાડીમાં નિવૃત્ત આર્મી જવાનનો સન્માન સમારોહ યોજાયો

માંડવી: માંડ વીના અમલસાડી ગામે દેશસેવા કરી નિવૃત્ત થયેલા આર્મી જવાન મહેશભાઈ ચૌધરીનો ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા મહામંત્રી જગદીશ પારેખ, રોહિતભાઈ પટેલ, નીરવભાઈ લાડ અને સરપંચ હિતેશ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. પૂર્વ પ્રમુખ શંકરભાઈ ચૌધરીએ આયોજકોને અભિનંદન પાઠવ્યાં હતાં અને ગ્રામજનોએ મહેશભાઈના નિવૃત્ત જીવન માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

માંડવી નગરપાલિકા દ્વારા ભવ્ય હર ઘર તિરંગા પદયાત્રા યોજાઈ

સુરત: માંડવી ખાતે નગરપાલિકા દ્વારા આશાપુરા માતાજીના મંદિરથી ભવ્ય 'હર ઘર તિરંગા' પદયાત્રા યોજાઈ હતી, જેને પાલિકા પ્રમુખ અમીષાબેન રાઠોડે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પદયાત્રા મુખ્ય બજારથી થઈ વલ્લભવડ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી સૂપડી વિસ્તારમાં સંપન્ન થઈ હતી. દરમિયાન ગાયત્રી દીદી દ્વારા ઉપસ્થિત સૌને વ્યસનમુક્તિના શપથ લેવડાવાયા હતા. આ કાર્યક્રમમાં પદાધિકારીઓ, સરકારી અધિકારીઓ, વિદ્યાર્થીઓ, પોલીસકર્મીઓ અને નગરજનો રાષ્ટ્રભાવના સાથે મોટી સંખ્યામાં ઉલ્લાસભેર જોડાયા હતા. જિલ્લા સંગઠન મહામંત્રી જગદીશભાઈ પારેખ, પાલિકાના ઉપપ્રમુખ પ્રવીણસિંહ અટોદરિયા, કારોબારી અધ્યક્ષ સુનીલકુમાર રબારી, મહામંત્રી શાલીન શાહ તેમજ તાલુકા વિકાસ અધિકારી રાજેન્દ્રસિંહ પરમાર, સંચાલન નગર સંગઠન પ્રમુખ પ્રિતેશભાઈ રાવળ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પદયાત્રામાં વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ, પોલીસકર્મીઓ, ફોરેસ્ટ વિભાગના કર્મચારીઓ, વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ તથા કર્મચારીઓ, સંગઠનના હોદ્દેદારો, પાલિકાના સભ્યો તેમજ મોટી સંખ્યામાં નગરજનો અત્યંત આનંદ અને ઉલ્લાસભેર જોડાયા હતા.

બારડોલીના જલારામ મંદિરમાં ત્રિરંગાનો શણગાર

બારડોલી: સ્વતંત્રતા દિવસની શાન દાર ઉજવણીના ભા ગરૂપે જલારામ મં દિ રમાં અનોખો દેશભક્તિનો માહોલ જોવા મળી રહ્યો છે. મંદિરના પરિસર અને ખાસ કરીને પવિત્ર ગર્ભગૃહને રાષ્ટ્રધ્વજના કેસરી, સફેદ અને લીલા રંગોથી અત્યંત સુંદર રીતે શણગારવામાં આવ્યું છે.

અંકલેશ્વરના રામકુંડ ખાતે શિવ મહાપુરાણ કથા અંતર્ગત ભવ્ય પોથીયાત્રા યોજાઈ

અંકલેશ્વર: અંકલેશ્વર-હાંસોટ રોડ પર આવેલા તીર્થધામ રામકુંડ ખાતે તા.૧૩થી ૨૧ ઓગસ્ટ દરમિયાન આયોજિત શ્રી શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞ અંતર્ગત ગુરુવારે ભવ્ય પોથીયાત્રાનું આયોજન કરાયું હતું. પોથીયાત્રામાં મોટી સંખ્યામાં શિવભક્તો અને ભાવિક ભક્તો જોડાયા હતા. રામકુંડના મહંત ગંગાદાસ બાપુ તથા કથાકાર પ્રિયાંશુ મહારાજના સાંનિધ્યમાં ચૌટા નાકા નજીક આવેલી રાજનગરી સોસાયટી ખાતેથી પોથીયાત્રાનો પ્રારંભ થયો હતો.

કણાવ ગામમાં અજાણ્યા વાહન અડફેટે યુવાનનું મોત

મોવાછી ગામના શ્રમિક પિતરાઈ ભાઈઓ બાઇક પર પસાર થતા હતા, એક ઘાયલ

પલસાણા: પલસાણાના કણાવમાં ધુલિયા-હજીરા નેશનલ હાઈવે નં.૫૩ પર અકસ્માત સર્જાયો હતો. નહેર પાસે અજાણ્યા વાહન ચાલકે યુનિકોર્ન બાઈકને અડફેટે લેતાં બારડોલીના મોવાશી ગામના ૨૦ વર્ષીય યુવાનનું મોત નીપજ્યું હતું, જ્યારે પાછળ બેઠેલા તેના પિતરાઈ ભાઈને ઈજા પહોંચી હતી.

બારડોલીના મોવાછી હળપતિવાસમાં રહેતા અને ખેતમજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા ૪૬ વર્ષીય મોહનભાઈ ભાણાભાઈ હળપતિએ પલસાણા પોલીસ મથકમાં અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ગત તા.૧૨મી ઓગસ્ટે બપોરે ૨ વાગ્યાના અરસામાં તેમના ભાઈનો દીકરો મેહુલ ઈશ્વરભાઈ હળપતિ (ઉં.વ.૨૦) અને તેમનો પોતાનો દીકરો કેયુર મોહનભાઈ યુનિકોર્ન મોટરસાઈકલ નં.(GJ-19-BN-8721) પર પસાર થઈ રહ્યા હતા. દરમિયાન કણાવમાં નહેર પાસે અજાણ્યા ચાલકે વાહન પૂરઝડપે હંકારી લાવી તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઈક ચાલક મેહુલ હળપતિને ગંભીર ઈજા થતાં તેનું મોત નીપજ્યું હતું. જ્યારે બાઈક પર પાછળ બેઠેલા કેયુરને માથા અને પગમાં ઈજા પહોંચી હતી. અકસ્માત સર્જ્યા બાદ અજાણ્યો વાહન ચાલક માનવતા નેવે મૂકી પોતાનું વાહન લઈને ત્યાંથી નાસી છૂટ્યો હતો. પલસાણા પોલીસે મોહનભાઈ હળપતિની ફરિયાદના આધારે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

તડકેશ્વરમાં જમવા બાબતે ઝઘડા બાદ કુટુંબી પર હુમલો

સુભાષ વળવી પર લાકડાના સપાટા વડે હુમલો કરનારા ત્રણ સામે ફરિયાદ

માંડવી: તડકેશ્વરના કુંભી ફળિયામાં જમવાનું લેવા જવા જેવી નાની બાબતે ઉશ્કેરાઈ જઈ એક જ પરિવારના સભ્યો વચ્ચે હિંસક ઝઘડો થયો હતો. જમવા બાબતે બોલાચાલી થતાં મુકેશભાઈ મોહનભાઈ રાવળ નામના શખ્સે પોતાના કુટુંબી સુભાષભાઈ રાવળ સાથે ગાળાગાલી કરી હતી અને ઉશ્કેરાઈને ઘરમાંથી લાકડાનો સપાટો લાવી સુભાષભાઈના માથામાં મારી દેતાં તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા. આ ઝઘડામાં કિરિટભાઈ અને દિનેશભાઈ નામના ઈસમોએ પણ ઝપાઝપી કરી પરિવારના નાના બાળકને ધક્કો મારી નીચે પાડી દીધો હતો તથા પરિવારજનોને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ઘટના બાદ ગંભીર રીતે ઘવાયેલા સુભાષભાઈને તાત્કાલિક સારવાર અર્થે તડકેશ્વરની શિફા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર મેળવ્યા બાદ ભોગ બનનારનાં પત્ની સવિતાબેન રાવળે તડકેશ્વર પોલીસ સ્ટેશનમાં મુકેશભાઈ રાવળ, દિનેશભાઈ રાવળ અને કિરિટભાઈ રાવળ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ધી ઓલપાડ-સાયણ-કીમ નાગરિક ધિરાણ મંડળીની 58મી સભા મળી

રૂ.૨.૫૦ લાખના ધિરાણ સાથે શરૂ થયેલી મંડળીનું વાર્ષિક ટર્ન ઓવર રૂ.૧૬૦ કરોડ

સાયણ: ધી ઓલપાડ- સાયણ-કીમ નાગરિક ધિરાણ સહકારી મંડળીની ૫૮મી વા.સા. સભા સાયણ જીન કેમ્પસ ખાતે સંસ્થાના પ્રમુખ ભાવિન પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ સભામાં એજન્ડા મુજબનાં તમામ કામો સર્વાનુમતે મંજૂર કરાયાં હતાં. આ સભામાં મંડળીના પ્રમુખ ભાવિન પટેલે કહ્યું હતું કે, સને-૧૯૬૮ની સાલમાં તાપી નદીની રેલ હોનારતમાં પાયમાલ થયેલા ઓલપાડ તાલુકામાં નાના વેપારીઓના ઉત્થાન માટે માત્ર ૧૭૪ સભાસદથી સંસ્થાના સ્વ.મોહનકાકા અને કાંતિકાકાએ સ્થાપના કરી તે સમયે રૂ.૨.૫૧ લાખનું ધિરાણ કર્યું હતું. આજે આ મંડળી ૩,૫૦૪ સભાસદ સંખ્યા સાથે હરણફાળ પ્રગતિ કરી વાર્ષિક ટર્નઓવર રૂ.૧૬૦ કરોડ સાથે વટવૃક્ષ બની ચૂકી છે. તેમણે મંડળીના સને:૨૦૨૫-૨૬ના આવક-જાવકના હિસાબો તથા મંડળીની કામગીરીનો અહેવાલ રજૂ કરી વધુ જણાવ્યું કે, મંડળીએ ત્રણે ટાઉનના સભાસદોને કુલ રૂ.૨૧,૬૧,૯૭,૦૬૫નું ૧૨ ટકા વ્યાજના દરે ધિરાણ કર્યું છે, જેમાંથી રૂ.૧૩,૨૮,૩૧,૩૧૮ની વસૂલાત કરી છે.

જ્યારે લોનના નિયમિત હપ્તા ભરતા સભાસદોને મંડળી ૧% લેખે રિબેટ આપતી હોવાથી તેનો લાભ લેવા તેમણે અપીલ કરી હતી. નજીકના વર્ષમાં મંડળીનું ભંડોળ, ધિરાણ, લોન વ્યાજ, આવક તથા સભાસદોના રિકરિંગની જમા રકમ વગેરેના સંપૂર્ણ ડેટા ઘર બેઠા મળી જાય એ માટે મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવશે. સભાના અંતમાં મંડળીના ઉપપ્રમુખ સન્મુખ ઢીમ્મરે આભાર વિધિ કરી હતી.

ઝઘડિયાના સેન્ટ ઝેવિયર્સ મેદાનમાં જિલ્લા કક્ષાનો સ્વતંત્રતા પર્વ ઉજવાશે

ભરૂચ, ઝઘડિયા: જિલ્લા કક્ષાના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી 15મી ઓગસ્ટે ઝઘડિયા તાલુકાની સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલના મિશન ગ્રાઉન્ડ ખાતે યોજાશે. આ કાર્યક્રમ રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા તબીબી શિક્ષણ વિભાગના રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરિયાની ઉપસ્થિતિમાં સંપન્ન થશે. તૈયારીઓના ભાગરૂપે ગુરુવારે નિવાસી અધિક કલેક્ટર આર.બી.ભોગાયતાની ઉપસ્થિતિમાં સંપૂર્ણ રિહર્સલ યોજાયું હતું.

સાગબારામાં સ્વતંત્રતા પર્વની ઉજવણી અંતર્ગત રિહર્સલ

સાગબારા: સાગબારાની નવરચના હાઈસ્કૂલના મેદાન ખાતે જિલ્લા કક્ષાનો સ્વતંત્રતા પર્વ યોજાશે. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના રાજ્યમંત્રી પ્રભારીમંત્રી ઈશ્વરસિંહ પટેલ મુખ્ય ઉપસ્થિત રહેશે. આ ઉજવણીને અનુલક્ષીને ગુરુવારે કલેક્ટર ગંગાસિંઘની ઉપસ્થિતિમાં સમગ્ર કાર્યક્રમનું રિહર્સલ યોજાયું હતું.

કોસંબામાં બિલ વગરના ૧૪૭ મોબાઈલ ઝડપાયા

બે વેપારીઓ સામે કાર્યવાહીથી અન્ય વેપારીઓમાં ભારે ફફડાટ

ઈબ્રાહીમ કાનુ

હથોડા: કોસંબા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બિલ વગરના અને શંકાસ્પદ મોબાઈલ ફોનનું ગેરકાયદે વેચાણ કરતા ઈસમો સામે પોલીસે આંખ લાલ કરી છે. પોલીસે બાતમીના આધારે રેલવે સ્ટેશન સામે આવેલી બે દુકાનમાં દરોડો પાડી બિલ વગરના ૧૪૭ કીમતી મોબાઈલ સાથે બે દુકાનદારને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે. મોડી સાંજે પોલીસની આ સરપ્રાઈઝ કાર્યવાહીને પગલે ગેરકાયદે વેપલો કરનારા અન્ય વેપારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. મળતી વિગતો મુજબ કોસંબા પોલીસના ડી-સ્ટાફના કર્મચારી વિપુલભાઈ નાનજીભાઈ અને જયદેવસિંહ મુળુભાઈને બાતમી મળી હતી કે, કોસંબા બજારમાં રેલવે સ્ટેશન સામે આવેલી 'નેશનલ મોબાઈલ શોપ' ચલાવતો મુસ્તકીમ મોતાલા તથા તેની સામે આવેલ 'કોસંબા મોબાઈલ શોપ' ચલાવતો સોહીલ હાફેજી પોતાની દુકાનમાં કેટલાક શંકાસ્પદ મોબાઈલ રાખી તેનું વેચાણ કરે છે. બાતમીના આધારે પોલીસે બંને દુકાનોમાં અચાનક સઘન તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન દુકાનોમાંથી જાણીતી કંપનીઓના ૧૪૭ એન્ડ્રોઈડ મોબાઈલ મળી આવ્યા હતા. આ મોબાઈલના ખરીદ-વેચાણ અંગેના કોઈ બિલ કે કાયદેસર પુરાવા ન હોવાથી પોલીસે તમામ જથ્થો જપ્ત કર્યો હતો. પોલીસે બંને દુકાનદારો સામે કાર્યવાહી હાથ ધરી આગળની તપાસ શરૂ કરી છે. પોલીસની આ કડક કાર્યવાહીથી ગેરકાયદે કે શંકાસ્પદ મોબાઈલનો વેપાર કરતા અન્ય દુકાનદારોમાં ફાળ પડી છે.

કડોદરાના નિયોલમાં ફેન્સિંગમાં કરંટ ઊતરતા ભેંસનું મોત

પલસાણા: પલસાણાના નિયોલ ગામમાં વીજકરંટ લાગવાથી ભેંસનું મોત નીપજ્યું હોવાની ઘટના સામે આવી છે. નિયોલ ગામના મંદિર ફળિયામાં રહેતા અને પશુપાલનનો વ્યવસાય કરતા ધ્રુવ સન્મુખભાઈ આહીર (ઉં.વ.૨૫)ના પિતા ગત તા.૧૧ ઓગસ્ટે સાંજે સાડા સાત વાગ્યાના અરસામાં પશુધન ચરાવવા ગયા હતા. તેઓ નિયોલ ગામની સીમમાં નહેર પાસે કડોદરાથી સુરત જતા રોડની બાજુમાં આવેલા હશુભાઈ આહીરના ખુલ્લા ખેતરમાં પશુઓ ચરાવી રહ્યા હતા. આ દરમિયાન કોઈ અગમ્ય કારણોસર D.G.V.C.L.ના થાંભલાનો જમીનમાં રહેલો અર્થિંગનો તાર ખેતરની ફેન્સિંગના તાર સાથે અડી ગયો હતો. આ ફેન્સિંગમાં વીજપ્રવાહ ઊતરી આવ્યો હતો અને અકસ્માતે એક ભેંસ તે તારને અડકી ગઈ હતી. વીજકરંટ એટલો પ્રચંડ હતો કે ભેંસ જોરજોરથી બરાડા પાડવા લાગી હતી અને તડફડીને ઘટના સ્થળે જ મોતને ભેટી હતી. આ અકસ્માતમાં મોતને ભેટેલી ભેંસની કિંમત આશરે રૂ. ૧,૨૦,૦૦૦ હોવાનો અંદાજ છે.

વલસાડ નગરપાલિકા, વલસાડ

:: ૧૧ માસના ધોરણે હંગામી - કરાર આધારિત જગ્યા ભરવાની જાહેરાત ::

ના. સરકારશ્રીના સ્વચ્છ ભારત મિશન અર્બન, ગુજરાતના કાર્યાલય આદેશ ક્રમાંક-SBM/0108/07/2026 DATE: 04/08/2026 અંતર્ગત નગરપાલિકામાં ૧૧ માસના કરાર આધારિત-નિમણુંક સીટી મેનેજર-UWM-1 ની નીચેની વિગતે લાયકાત ધરાવતા ઉમેદવાર પાસેથી અરજીઓ માંગવામાં આવે છે. અરજી મોકલવાની અંતિમ તા.૨૦/૦૮/૨૦૨૬ની રહેશે. જેની નોંધ લેશો.

અ.નં.	હોદ્દાનું નામ	શૈક્ષણીક લાયકાત	અનુભવ	પગાર ધોરણ	સંખ્યા
૧	સીટી મેનેજર - (UWM)	B.E/B.Tech- Environment / Civil / Mechanical / Water Resource	૧ વર્ષ (ડીગ્રી મેળવ્યા બાદ)	રૂ.૩૦,૦૦૦/- (ફિક્સ માસિક)	૦૧

નોંધ - કવર પર "સીટી મેનેજર -UWM ની પોસ્ટ માટે" એમ દર્શાવવું તથા નામ, સરનામું તથા મોબાઇલ નંબરનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

ચીફ ઓફિસર
વલસાડ નગરપાલિકા

પ્રમુખ
વલસાડ નગરપાલિકા

નં. માહિતી/વલસાડ/૩૧૪/૨૦૨૬

કોઠલી ગામમાં પાઈપ લાઈનમાં ફસાઈ જતાં શાહુડીનું મોત

પાઇપલાઇનમાં લાંબા સમય સુધી શ્વાસ રૂંધાઈ જવાથી મોત થયાની આશંકા

કુકરમુંડા: નિઝરના કોઠલી ગામમાં પાઈપલાઈનમાં ફસાઈ જવાથી એક શાહુડીનું મોત થયું હતું. પાઈપલાઈનમાં ફસાઈ જતાં શાહુડીનો શ્વાસ રૂંધાયો હોવાનું પ્રાથમિક રીતે સામે આવ્યું હતું. ગતરોજ કોઠલી ગામમાં આવેલી પાઈપલાઈનમાં શાહુડી ફસાઈ ગઈ હતી. આ અંગે ગ્રામજનોને જાણ થતાં તેમણે નિઝરના સ્નેક રેસ્ક્યુઅર સૂરજ વળવીને જાણ કરી હતી. જાણ મળતાં સૂરજ વળવી સ્થળ પર પહોંચ્યા હતા અને ભારે જહેમત બાદ પાઈપલાઈનમાંથી શાહુડીને બહાર કાઢી હતી. જોકે, ત્યાં સુધીમાં શાહુડીનું મોત થઈ ગયું હતું. પાઈપલાઈનમાં લાંબા સમય સુધી ફસાઈ રહેવાના કારણે શ્વાસ રૂંધાઈ જતાં તેનું મોત થયું હોવાનું અનુમાન છે. ત્યારબાદ સ્નેક રેસ્ક્યુઅર સૂરજ વળવીએ મૃત શાહુડીને માનવ વસાહતથી દૂર લઈ જઈ જમીનમાં દાટી દીધી હતી.

સોનગઢમાં ગઠિયાઓએ વૃદ્ધાના ખાતામાંથી ૨૦ હજાર ઉપાડી લીધા

સોનગઢ: સોનગઢ ખાતે એટીએમ સેન્ટરમાં યુવાન સાથે છેતરપિંડીની ઘટના સામે આવી છે. ડોસવાડા ગામના બાવનેશભાઈ ગામીત તેમના દાદીનું એટીએમ કાર્ડ લઈને SBI એટીએમ સેન્ટરે પૈસા ઉપાડવા ગયા હતા. ત્યાં હાજર ગઠિયાઓએ એટીએમ કાર્ડ બદલી પિન નંબર પણ જોઈ લીધો હતો. બાદ ગઠિયાઓએ દાદીના ખાતામાંથી ૨૦,૦૦૦ ઉપાડી લેતાં સોનગઢ પોલીસ મથકે ત્રણ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી.

બલેશ્વરમાં અજાણ્યાનો મૃતદેહ મળી આવ્યો

પલસાણા: બલેશ્વર ગામ ખાતે આવેલી સ્ટાર રેસિડેન્સીના રૂમ નં.૨૧માંથી આશરે ૫૦થી ૫૫ વર્ષના એક અજાણ્યા આધેડનો મૃતદેહ મળી આવ્યો હતો. સ્થાનિક રહીશ રહિમ ખાને આ અંગે જાણ કરતાં પલસાણા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પશ્ચિમ રેલવે દ્વારા ગણપતિ સ્પેશિયલ ટ્રેનોની વધારાની ટ્રીપ ચલાવવામાં આવશે

ટ્રેન નં.	પ્રસ્થાન (ક્યાંથી)	આગમન (ક્યાં સુધી)	દોડવાનો દિવસ	દોડવાની તારીખ
09114	વડોદરા	રત્નાગિરી	મંગળવાર	08.09.2026 22.09.2026
09113	રત્નાગિરી	વડોદરા	બુધવાર	09.09.2026 23.09.2026
09110	વિશ્વામિત્રી	રત્નાગિરી	બુધવાર	09.09.2026
09109	રત્નાગિરી	વિશ્વામિત્રી	ગુરુવાર	10.09.2026
09124	વિશ્વામિત્રી	રત્નાગિરી	સોમવાર	07.09.2026
09123	રત્નાગિરી	વિશ્વામિત્રી	સોમવાર	07.09.2026
09022	ઉધના	રત્નાગિરી	ગુરુવાર	10.09.2026
09021	રત્નાગિરી	ઉધના	ગુરુવાર	10.09.2026
09030	વલસાડ	રત્નાગિરી	સોમવાર	07.09.2026
09029	રત્નાગિરી	વલસાડ	મંગળવાર	08.09.2026

ટ્રેનના સ્ટોપેજ, રોકાણનો સમય અને કોચ સંયોજન સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો https://enquiry.indianrail.gov.in/mntes/ પર મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર 09114, 09110, 09124, 09022 અને 09030 ના વધારાના ફેરા માટેનું બુકિંગ 15.08.2026થી તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઇટ શરૂ થશે. ઉપરોક્ત ટ્રેનો સ્પેશિયલ ટ્રેનો તરીકે સ્પેશિયલ ભાડા પર દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઇક અને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને તમામ રિઝર્વ ટિકિટો માટે ઓરિજિનલ આઈડી પ્રૂફ સાથે રાખો.